સ્વજનને આનંદ આપવો એટલે સૃષ્ટિને આનંદ-લ્હાણીમાં સહભાગી બનાવવી
- મોરારી બાપુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૬૨ | ૫ ડિસેમ્બર, ૨૦૧૪, શુક્રવાર ; માગશર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજે જિલ્લામાં બેંક હડતાલ

## સહકારી અને ખાનગી બેંકો હડતાલમાં જોડાશે નહિ : રાષ્ટ્રીયકૃત બેંકોની ૧૬૫ શાખાઓ હડતાલમાં જોડાશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં ૨૨ રાષ્ટ્રીયકૃત બેંકોના એક હજાર જેટલા કર્મચારીઓ આજે તાત્કાલિક અસરથી સેટલમેન્ટ આપવાની માંગણીને લઈ આજે એક દિવસની હડતાલ પર જશે.

ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીયકૃત બેંકોની ૧૬૫ થી વધારે શાખાઓ આવેલી છે અને તેમાં એક હજારથી વધુ કર્મચારીઓ ફરજ બજાવે છે. ઝોનવાર આપવામાં આવેલ પ્રતીક હડતાલના એલાનને પગલે આજે ૫મી ડિસેમ્બરના રોજ પ્રતીક હડતાલ પાડશે.

ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીયકૃત બેંકોની હડતાલને કારણે ૧૦૦ કરોડથી પણ વધુ રકમના ચેકોનું ક્લીયરીંગ ઠપ્પ થઈ જશે.

રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓની આ હડતાલને કારણે શહેરના અર્થતંત્ર પર પણ તેની અસરો જોવા મળશે. આ કર્મચારીઓ દ્વારા સૂત્રોચ્ચારનો કાર્યક્રમ પણ આપવામાં આવ્યો છે.

રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ દ્વારા છેલ્લા એક મહિનામાં આ બીજીવાર હડતાલનું એલાન આપવામાં આવ્યું છે. અગાઉ રાટ્રીય સ્તરે હડતાલનું એલાન અપાયુ હતુ હવે સેટલમેન્ટની માંગને પગલે ઝોનવાર હડતાલનું એલાન આપવામાં આવ્યું છે.

પશ્ચિમ ભારતમાં બેંકોના કર્મચારીઓ હડતાલ પર જઈ રહ્યા છે. મળતી વિગતો પ્રમાણે ખાનગી બેંકો અને સહકારી બેંકો આજે ચાલુ રહેશે.

# ચાર દેશોના પ્રધાનમંત્રીઓ વાયબ્રન્ટ સમિટમાં ગાંધીનગરના મહેમાન બનશે

## ડેનમાર્ક, નેધરલેન્ડ, સીંગાપોર અને ભૂતાનના પ્રધાનમંત્રીઓ સહિતના વીવીઆઈપીઓ વાયબ્રન્ટ સમિટમાં આવશે










ગાંધીનગર, તા. ૪

આ વખતની વાયબ્રન્ટ સમિટ ખૂબ જ ધમાકેદાર હશે અને તેમાં અસંખ્ય મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનશે. વિદેશી મહાનુભાવોમાં નેધરલેન્ડ, ડેનમાર્ક, સિંગાપોર અને ભુતાનના પ્રધાનમંત્રીઓનો સમાવેશ થાય છે. વિદેશી મહાનુભાવોની આગતા સ્વાગતા માટે ગાંધીનગરને સોળે શણગારથી સજાવવામાં આવી રહ્યું છે.

આગામી જાન્યુઆરી માસમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટમાં દેશ-વિદેશના ડેલીગેટ્સ મહાનુભાવોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૫માં ૧૫ રાજ્યોના મુખ્યમંત્રીઓ મહેમાન બનવાના છે. ચાર દેશોના પ્રધાનમંત્રીઓ વાઈબ્રન્ટ સમિટમાં હાજર રહેવાના હોવાનું જાણવા મળ્યું છે. સૂત્રોએ આ વાતને સમર્થન આપ્યું છે. ડેનમાર્કના પ્રધાનમંત્રી હેલે થોર્નિંગ, નેધરલેન્ડના પ્રધાનમંત્રી માર્ક રુથ, સિંગાપોરના પ્રધાનમંત્રી ટ્રેશીંગા ટોબગે વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન ગાંધીનગરના મહેમાન બનશે. આ મહાનુભાવોની સાથે યુએનના સેક્રેટરી જનરલ બાન કી મૂન પણ ઉપસ્થિત રહેશે. જાન્યુઆરી ૧૧ થી ૧૩, ૨૦૧૫ દરમ્યાન મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે વાઈબ્રન્ટ સમિટ યોજાશે. જાપાનના પ્રધાનમંત્રી શીન ઝો એબે અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી ટોની એબોટ પણ કદાચ વાઈબ્રન્ટ સમિટિમાં હાજર રહેશે તેવી શક્યતાઓ છે. જો કે તેમના આગમનને હજુ સુધી સમર્થન મળ્યુ નથી.

આ વખતે આઠ દેશો વાઈબ્રન્ટ સમિટિના કન્ટ્રી પાર્ટનર તરીકે રહેશે. જેમાં અમેરીકા, યુ.કે. જાપાન, કેનેડા, નેધરલેન્ડ, સીંગાપોર, ઓસ્ટ્રેલીયા અને સાઉથ આફ્રિકાનો સમાવેશ થાય છે. આ દેશો ઉપરાંત ૧૫૦ થી વધુ દેશો વાઈબ્રન્ટ સમિટનું કવરેજ કરશે. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે યોજાયેલ વાઈબ્રન્ટ સમિટ ભવ્ય હતો. પરંતુ ૨૦૧૫માં યોજાનાર વાઈબ્રન્ટ સમિટ ભવ્યાતિભવ્ય હશે તેમાં કોઈ બેમત નથી.

# ટ્રીપલ 'સી' મામલે હાઈકોર્ટની વચગાળાની રાહત

## એસઆરપીએફના જવાનોને વચગાળા વચગાળાની રાહત : ૭ જાન્યુઆરીએ આખરી સુનાવણી : વડોદરા એસઆરપીએફ ગૃપ-૯ ના જવાનોએ સી.સી.સી. પરીક્ષાના નિયમો મામલે હાઈકોર્ટમાં રીટ દાખલ કરી છે

ગાંધીનગર, તા. ૪

'કોર્સ ઓન કોમ્પ્યુટર કોન્સેપ્ટ' સી.સી.સી.ની પરીક્ષા ફરજિયાત બનાવતા નિયમોને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યા છે. એસ.આર.પી.એફ ગૃપ-૯ ના જવાનો દ્વારા હાઈકોર્ટમાં આ મામલે અરજી કરવામાં આવી છે. આ મામલે હાઈકોર્ટે વચગાળાનો મનાઈ હૂકમ ફરમાવ્યો છે. હાઈકોર્ટે એસઆરપી ગૃપ-૯ ના સેનાપતિને સી.સી.સી. પરીક્ષા ન આપી હોય અગર પાસ ન કરી હોય તેવા કિસ્સામાં અરજદારોને નોકરીમાંથી છૂટા કરવા કે પાયરી ઉતાર નહી કરવા વચગાળાની રાહત માટે આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર વડોદરા એસ.આર.પી.એફ ગૃપ-૯ માં ફરજ બજાવતા બાલારામ સોનારામ જાટ સહીત અન્ય વર્ગ-૩ના કોન્સ્ટેબલોએ સામાન્ય વહીવટ વિભાગના તેમજ ગૃહ વિભાગના સચિવ, ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ એસ.આર.પી. એફ અને એસ.આર.પી. એફ ગૃપ-૯ વિરૂદ્ધ હાઈકોર્ટમાં અરજી ફાઈલ કરી છે. જેમાં અરજદાર દ્વારા એવી દાદ માંગવામાં આવી છે કે સ્ટેટ રીઝર્વ પોલીસ ફોર્સ રૂલ-૧૯૫૯ ની જોગવાઈ મુજબ તેઓની નોકરી રેગ્યુલર થાય છે. એસ.આર.પી.એફ.ના આ જવાનો વર્ષ ૧૯૮૧ થી ૨૦૦૦ સુધીના સમયગાળામાં નોકરીમાં દાખલ થયા હતા. ત્યારબાદ એસઆરપીએફના નિયમમાં સુધારો અમલમાં આવ્યો નથી. સી.સી.સી. ની પરીક્ષા અરજદારો પાસ ન કરે ત્યા સુધી તેમને

● અનુસંધાન પાન-૭ પર






# માર્ચ-૧૫ને અંતે ત્રણ હજાર કુટુંબો શૌચાલય વિહોણા હશે

ગાંધીનગર, તા. ૪

જિલ્લામાં માર્ચ-૨૦૧૫ સુધીમાં ત્રણ હજાર જેટલા કુટુંબો શૌચાલયની સુવિધા વિહોણા હશે તેવો એક અંદાજ છે.

જિલ્લામાં હાલ શૌચાલયો બનાવવા માટેની ઝુંબેશ વેગ પકડી છે પરંતુ તંત્ર દ્વારા મંજૂરી નહિ અપાતી હોવાની ફરિયાદો વચ્ચે ૩૪૦૦ જેટલા આવાસો માટે શૌચાલયની દરખાસ્તો જ સરકારમાં રજુ કરવાની બાકી રહી શકે છે. સરકાર દ્વારા નિર્મળ ભારત અભિયાન અંતર્ગત શૌચાલય બાંધવા માટે સહાય આપવામાં આવે છે તે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૯૩૪૫ કુટુંબો પાસે શૌચાલયની સુવિધા હતી જ નહિ. રાજ્ય સરકારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં શૌચાલયની સુવિધા ફરજીયાત કરી છે.

જિલ્લામાં શૌચાલય બાંધવા માટેની ઝુંબેશને વેગ આપવાના પ્રયાસો થઈ રહ્યા છે પણ ક્યાંક તંત્રની ઉદાસીનતા તો ક્યાંક આયોજનના અભાવને લઈ લોક-જાગૃતિ નિરાશામાં પરિવર્તીત થઈ રહી છે.

જિલ્લામાં ૫૦ લાખથી વધુ સહાય શૌચાલય નિર્માણ પાછળ મુકવામાં આવી છે તેમજ એક હજાર જેટલા શૌચાલયોના કામ હજુ શરૂ થયા નહિ હોવાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.


Project by : S. R. INFRASTRUCTURE

Turns the tune of your life style...



Site : Reliance Infocity Road, Nr. Pramukh Arcade, Opp. Kanam Residency, Kudasan, Gandhinagar

Exclusively marketed by
The Property Shop
Mayur Varu : 098980 29451
Alpesh Patel : 097236 71067
www.thepropertyshop.in

Children's play area with equipments
Gym & Indoor games
Senior citizen sit out
RCC paved road with lights
Branded passenger lift
24 hour water supply
24 hour security with video door security system

2 & 3 BHK living spaces & shops

શિવાલય RESIDENCY

drive home to the smartest concept of living